ENT care associates

# નાક ના ઓપરેશન પછી ની સૂચનાઓ

૧. નાકમાં મૂકેલ પેકીંગ તા..__/__/20__ના રોજ__:__AM/ PM કલાકે કાઢવામાંઆવશે.

૨. નાક બંધ છે ત્યાં સુધી માથુ દુખે, ગભરામણ જેવું લાગે, આંખો માં પાણી પડે કે મોઢુ સુકાય તે સામાન્ય છે, નાક નું પેકિંગ કાઢી નાખતાં બધી તકલીફ દૂર થઈજશે.

૩. નાક માં પેકિંગ છે ત્યાં સુધી ખાવા નુ અને શ્વાસ લેવા નું બંને કામ મોઢે થી કરવાનાં છે તેથી નાના-નાના કોળીયા લેવા, નહિતર અંતર જવાની શક્યતા રહે છે.

૪. નાકમાં થી લાલાશ પડતું પ્રવાહી નીકળે કે નાક નું ડ્રેસિંગ લોહી વાળુ થાય તો ચિંતા કરવી નહિ, ઘણીવાર ઉપર નું ડ્રેસિંગ ૮ થી ૧૦ વખત બદલવું પડતું હોય છે.

૫. ઓપરેશન પછી દાંત કળે તે સામાન્ય છે.

૬. નાક નું પેકિંગ કાઢી નાખ્યા પછી ત્રણ અઠવાડિયા સુધી નાક બંધ થઈજાય તો પણ ખોતરવું કે ખંચેરવું નહિ.

૭. દર અઠવાડિયે એક વાર મશીન થી(ENDOSCOPIC & SUCTION CLEANING)નાક સાફ કરાવવા આવવું.

૮. ત્રણ મહિના સુધી નાક ઉપર ઈજા થાય નહિ તેનું ખાસ ધ્યાન રાખવુ તથા નાક ઉપર વજન આવે તે રહ્રૌ ઊંધા સૂઈ જવું નહિ.

૯. ત્રણ મહિના સુધી શરદી થાય નહિ તે માટે ઠંડા પીણાં બિલકુલ લેવાં નહિ તથા શરદી વાળા દર્દી થી દુર જ રહેવું.

૧૦. સમજાવ્યા પ્રમાણે દવા નિયમિત લેવી તથા ૧૦ દિવસ સુધી પાણીની વરાળ નો નાસ લેવો.

૧૧. તમને લખેલ નાક ના ટીંપા નાખવા માટે ખભા નીચે ઓશિકું રાખીને સૂઈ જાઓ અને બંને નાક માં બે-બે ટીંપા નાખો અને કે... કે... બોલતા જાઓ જેથી ટીંપા મોંઢા માં જવાના બદલે સીધા નાક માં અસર કરે.

૧૨. એક તપેલી પાણી ઉકાળી નવ શેકુ કરી અને તેમાં એક ચમચી વિક્સ નાખી પાણી ની વરાળ નો નાશ લો. તમારુ મોઢુ વાસણ થી ૧ ફુટ દુર રાખો.

૧૩. તમને આપેલ **NASOCLEAR** થી નાક વ્યવસ્થિત રીતે સાફ કરો. આ પદ્ધતિ આયુર્વેદમાં વર્ણવેલ જલનીતિ નો આધુનિક રૂપ છે.

૧૪. ફરીથી બતાવવા માટે તા..__/__/20__ના રોજ__:__AM/ PM.ચંદ્રપ્રભુ ક્લિનીક પર આવવું.